

ઓમ નમઃ શિવાય - પવિત્ર શ્રાવણ માસના અંતિમ દિને શહેરના શીવાલયો શીવભક્તિમય બન્યા હતા... લઘુરૂદ્ર, શિવમહિમ્ન પાઠ તથા અખંડ ધૂનના કાર્યક્રમોની સાથો સાથ પૂજન-અર્ચન પણ ધામધુમથી યોજાયા હતા... દરેક શીવાલયો સવારથી જ શણગારાયા હતા... ભાવિકો પણ મોટી સંખ્યામાં ઉમટ્યા હતા... શિવજીને બિલીપત્ર ચડાવી શીવમહિમ્નમ્ સ્ત્રોત દરેક શિવાલયોમાં ગવાતા હતા... કેટલાય શીવાલયોમાં ફુલોની રંગોળી બનાવવામાં આવી હતી...

## સંત સરોવરમાં પાણીની સપાટી ૫૧.૫૦ મીટરે પહોંચી

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરના ગોંદરે નિર્માણ કરાયેલ સંત સરોવરમાં પાણીની સપાટી ૫૧.૫૦ મીટર પર પહોંચી છે.

સુજલામ સુફલામના આસ્કેપમાંથી છોડાયેલા પાણીથી આ સંત સરોવરમાં પાણી આવી રહ્યુ છે. હજુ એકાદ દિવસ ડેમ પુરેપુરો ભરાઈ જતાં લાગશે તેમ જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે આ ડેમ ભરાઈ જતાં ગાંધીનગર શહેર અને તાલુકાના આસપાસના ૧૪ જેટલા ગામોના ભૂગર્ભ જળ રિચાર્જીંગમાં ઘણુ બધુ સારૂ પરિણામ મળશે. ડેમમાં થઈ રહેલી પાણીની આવકનું સિંચાઈ વિભાગના અધિકારીઓ સતત મોનીટરીંગ કરી રહ્યાં છે.

હાલ લાકરોડા વિયરમાંથી ૪૫૦ ક્યુસેક પાણીની આવક થઈ રહી છે. સંત સરોવરમાં પાણી આવતાં સાબરમતી નદી બન્ને કાંઠે વહેતી થઈ છે.

# શહેરી વિસ્તારના ગામોમાં પાણીની નવી લાઈન નાંખવાનુ કામ અધ્ધરતાલ

### પાલજમાં પણ પાઇપલાઇનની કામગીરીનુ ટેન્ડર ઉંચુ આવતા કામગીરી અટવાઇ

ગાંધીનગર તા ૩૦

ગાંધીનગરના શહેરી વિસ્તારના ગામોમાં પાણીના પ્રશ્ન મામલે હજુ ઘણુ કરવાનુ બાકી છે. અગાઉ પાણીની ટાંકી તેમજ નવા બોર બનાવવા પાછળ લાખો રૂપિયાનો ખર્ચ કરાયા બાદ પણ હજુ પાણીની સમસ્યા હલ થઇ નથી. ગ્રામ્ય વિસ્તારમાં પાઈપલાઈનનુ કામ મંજુરીની પ્રક્રીયા હેઠળ છે. જયારે પાલજમાં નવી લાઈન નાંખવાના મામલે પણ ટેન્ડર આખરી ન થતા કામગીરી અટવાઈ છે.

ગાંધીનગરના શહેરી વિસ્તારમાં પાણીની પાઈપલાઈનનુ કામ હજુ પણ હાથ ધરાયુ નથી. શહેરી વિસ્તારના ગામોમાં દાયકાઓના અંતે પણ પાણીની પોકાર યથાવત છે. ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં પાણીના મામલે ગામોમાં બેડાયુધ્ધની સ્થિતિ જોવા મળે છે. અનેકવાર ગ્રામજનોએ પાટનગર યોજના વિભાગની કચેરીએ માટલા ફોડીને વિરોધ પણ પ્રદર્શિત કર્યો છે. ત્યારે પાણીની સમસ્યાને

● અનુસંધાન પાન-૭ પર

# ધનજી ઓડ ઉર્ફે ઢબુડી માતાએ ગાંધીનગર કોર્ટમાં આગોતરા જામીન અરજી કરી

### આગામી તા ૬ સપ્ટેમ્બરના રોજ સુનાવણી હાથ ધરાશે

ગાંધીનગર તા ૩૦

રૂપાલના ધનજી ઓડ ઉર્ફે ઢબુડી માતા છેલ્લા કેટલાક સમયથી વિવાદની એરણે છે. ઢબુડી માના કહેવાથી એક પિતાએ પુત્રની કેન્સરની દવા બંધ કરી દીધી હોવાના લીધે તેનુ મોત થયુ હોવાનો મામલો પણ પ્રકાશમાં આવતા ધનજી ઓડ સામેનો વિવાદ વધુ ભડકયો છે. ધરપકડની શંકાના પગલે રૂપાલના ધનજી ઓડ ઉર્ફે ઢબુડી માતાએ આખરે ગાંધીનગર કોર્ટમા 'આગોતરા જામીન અરજી દાખલ કરી છે. આ મામલે ગાંધીનગર કોર્ટમાં

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યના ૭૯ સનદી અધિકારીઓની સામુહિક બદલીના હુકમો કરાયા

### જયંતિ રવી - આરોગ્ય સચિવ અને એસ. જે. હૈદર ગ્રામ વિકાસ વિભાગના સચિવ તરીકે બદલાયા, સંગીતા સિંઘ - અધિક મુખ્ય સચિવ, ગૃહવિભાગ જ્યારે મમતા વર્મા પ્રવાસન વિભાગના સચિવ તરીકે બદલાયા

| નામ | હાલનું સ્થળ | બદલીનું સ્થળ |
|---|---|---|
| એમ. થેન્નારાસન | સુરતના મ્યુ.કમિ. | જીઆઈડીસીના વા.ચેરમેન-એમડી |
| હર્ષદ પટેલ | ભાવનગર કલેક્ટર | લેન્ડ રેકર્ડ ડાયરેક્ટર |
| ઉદિત અગ્રવાલ | ગોધરા કલેક્ટર | રાજકોટ મ્યુ.કમિશનર |
| મનોજ કોઠારી | રાહત કમિશનર | એમજીવીએનએલના એમ.ડી. |
| આર.જે. માકડીયા | મોરબી કલેક્ટર | રેવન્યૂ ઈન્સ્પેકશન કમિશનર |
| ડૉ. જયંતિ રવિ | આરોગ્ય કમિશનર | પ્રિન્સિપલ સેક્રેટરી આરોગ્ય-પરિવાર કલ્યાણ) |
| એમ.એ. પંડ્યા | પોરબંદર કલેક્ટર | મિડ-ડે મિલ કમિ. (ગાંધીનગર) |
| અર્પિત સાગર | ઠાસરા આસિ.કલેક્ટર | ડીડીઓ (વલસાડ) |
| રાકેશ શંકર | એએમસી ડેપ્યુ.કમિ. | એડિ.ચીફ એક્ઝિ. (ગુજરાત અર્બન ડેવલેપમેન્ટ મિશન) |
| રાજેશ મંજુ | એમજીવીએનએલના એમ.ડી. | વાહનવ્યવહાર કમિશનર |
| જય પ્રકાશ શિવહરે | ધોલેરા સર પ્રોજેક્ટ સીઈઓ | આરોગ્ય વિભાગના કમિશનર |
| હરિત શુક્લા | જમીન સુધારણા કમિ. | સચિવ (સાયન્સ-ટેકનોલોજી વિભાગ) |
| ધનંજય દ્વિવેદી | સચિવ (સાયન્સ-ટેકનોલોજી) | સચિવ (નર્મદા, જળસંપત્તિ અને કલ્પસર વિભાગ) |
| મમતા વર્મા | ઉદ્યોગ કમિશનર | ઉદ્યોગ-ખનિજ (પ્રવાસન) સચિવ |
| એસ. જે. હૈદર | ઉદ્યોગ-ખનિજ (પ્રવાસન) | પંચાયત-ગ્રામિણ આવાસ (અગ્રસચિવ) |
| એમ.એસ.પટેલ | મ્યુનિ. વહીવટી સચિવ | વડોદરાના મ્યુનિ. કમિશનર |
| બંચ્છાનિધિ પાનિ | રાજકોટ મ્યુનિ. કમિશનર | સુરત મ્યુનિ. કમિશનર |
| રાહુલ ગુપ્તા | રાજકોટના કલેક્ટર | ઉદ્યોગસચિવ (ગાંધીનગર) |
| બી.એ.શાહ | બનાસકાંઠાના ડીડીઓ | કો-ઓપરેટિવ રજિસ્ટ્રાર |
| નીલમ રાણી | ડેપ્યૂટેશન | ઈન્ડેક્સ્ટ-બી કમિશનર |
| આશિષ કુમાર | બોટાદના ડીડીઓ | આણંદના ડીડીઓ |
| અમૃતેશ ઔરંગાબાદગર | વડોદરાના રીજ. મ્યુનિ. કમિ. | અરવલ્લી કલેક્ટર |
| અનિલ ધામેલિયા | કપડવંજના આસિ. કલેક્ટર | અરવલ્લીના ડીડીઓ |
| અજય દહિયા | પોરબંદરના ડીડીઓ | બનાસકાંઠાના ડીડીઓ |
| ગૌરાંગ મકવાણા | રાજકોટના રીજ. મ્યુનિ. કમિ. | ભાવનગરના કલેક્ટર |
| એમ.ડી.મોડિયા | નવસારી કલેક્ટર | ભરૂચ કલેક્ટર |
| અરવિંદ વી. | મહિસાગરના ડીડીઓ | ભરૂચના ડીડીઓ |
| વિશાલ ગુપ્તા | ગાંધીનગરના રીજ. મ્યુનિ. કમિ. | બોટાદ કલેક્ટર |
| એલ.એન.સંધુ | વાંસદાના આસિ. કલેક્ટર | બોટાદના ડીડીઓ |
| મિહિર પટેલ | બોરસદના આસિ. કલેક્ટર | છોટાઉદેપુરના ડીડીઓ |
| રચિત રાજ | છોટાઉદેપુરના ડીડીઓ | દાહોદના ડીડીઓ |
| ડી.જે.જાડેજા | રાજકોટના ડીવાયએમસી | દેવભૂમિ દ્વારકાના ડીડીઓ |
| ગાર્ગી જૈન | વડોદરાના આસિ. કલેક્ટર | ડીડીઓ ખેડા |
| નાગરાજન.એમ. | અરવલ્લી કલેક્ટર | કચ્છ કલેક્ટર |
| જે.બી.પટેલ | તાપીના ડીડીઓ | મોરબી કલેક્ટર |
| આર્દ્રા અગ્રવાલ | ડીજીવીસીએલના એમડી | નવસારી કલેક્ટર |
| અમિત અરોરા | સુરતના રીજ. મ્યુનિ. કમિ. | પંચમહાલ કલેક્ટર |
| ડી.એન.મોદી | ખેડાના ડીડીઓ | પોરબંદર કલેક્ટર |
| વી.કે.અડવાણી | છોટાઉદેપુરના એડિ. કલેક્ટર | પોરબંદરના ડીડીઓ |
| રમ્યા મોહન | કચ્છ કલેક્ટર | રાજકોટ કલેક્ટર |
| આર.એમ.પટેલ | તળાજાના આસિ. કલેક્ટર | સાબરકાંઠાના ડીડીઓ |
| નેહા કુમારી | ભરૂચના આસિ. કલેક્ટર | તાપી-વ્યારાના ડીડીઓ |
| ડી.પી.દેસાઈ | વલસાડના ડીડીઓ | સ્કૂલ ડાયરેક્ટર |
| આર.એસ.નિનામા | તાપી-વ્યારા કલેક્ટર | સીઈઓ, ડી-સેગ |
| આર.જે.હાલાણી | એડિ. વિકાસ કમિશનર | તાપી-વ્યારા કલેક્ટર |
| નેહા કુમારી | ગાંધીનગરના આસિ. કલેક્ટર | મહિસાગરના ડીડીઓ |
| આર.કે.પટેલ | દાહોદના ડીડીઓ | સચિવાલયમાં આસિ. ડેવ. કમિ. |
| પૂનમચંદ પરમાર | એડિ.ચીફ સેક્રેટરી, આરોગ્ય પરિવાર કલ્યાણ | કૃષિ, ખેડૂત કલ્યાણ-સહકાર વિભાગ |
| સંગીતાસિંઘ | એડિ.ચીફ સેક્રેટરી, | ગૃહ વિભાગ |
| | સામાન્ય વહીવટ | |
| પંકજ જોશી | જીયુવીએનએનએલ એમ.ડી. | પ્રિન્સિપલ સેક્રેટરી, રાજ્ય સરકાર |
| કમલ દયાણી | પ્રિન્સિપલ સેક્રેટરી, અન્ન અને નાગરિક પુરવઠો | સામાન્ય વહીવટી વિભાગ |
| મિલિંદ તોરવણેની | સચિવ, સામાન્ય વહીવટ વિભાગ | આર્થિક બાબતોના સેક્રેટરી |
| જગદીશ પ્રસાદ ગુપ્તા | પ્રિન્સિપલ સેક્રેટરી, નર્મદા | ચીફ કમિ. ટેક્સ વિભાગ |
| રૂપવંતસિંઘ | કમિ.જીયોલોજી-માઈનિંગ સેક્રેટરી ફાયનાન્સ વિભાગ | |



મહાવીર જન્મકલ્યાણક સંદેશ - પર્યુષણના પાવન પાંચમા દિવસે જૈન પરિવારોમાં મહાવીર જન્મકલ્યાણ સંદેશના વાંચનનો ઉત્સાહ નોંધનીય હોય છે... સેક્ટર-૨૨ જૈન દેરાસર ખાતે ભગવાન મહાવીરના જન્મકલ્યાણક સંદેશનું વાંચન આચાર્ય ભગવંતોએ કર્યું હતું... ત્યારબાદ ભગવાનનો જન્મોત્સવ અનેરા ઉત્સાહથી ઉજવાયો હતો... પારણું ઝુલાવાયું... અને રાસ-ગરબા દ્વારા જન્મોત્સવને વધાવાયો હતો...

# બહેનોમાં રહેલી નિસ્વાર્થ ભાવથી સેવાના સન્માનરૂપે જ તેમને આંગણવાડીના કાર્યમાં જોડી છે : સ્મૃતિ ઈરાની

### મહાત્મા મંદિરના કાર્યક્રમમાં જતા પહેલા બાળકો સાથે કાલી કાલી ભાષામાં વાતો કરી



ગાંધીનગર, તા. ૩૦

મહાત્મા મંદિર ખાતે આજે યોજાયેલ મહિલા બાળ વિકાસ વિભાગના કાર્યક્રમમાં હાજરી આપવા આવેલા કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીએ કાર્યક્રમમાં હાજરી આપતાં પહેલાં થોડીક મિનિટો ત્યાં ઉભા કરાયેલા નાનકડા પ્રદર્શનમાં હાજર રહેલા બાળકો સાથે વિતાવી હતી.

તેમણે આંગણવાડીના આ ભૂલકાંઓને કયા ગામથી આવ્યા ?, તારૂ નામ શું ?, આ કઈ શાકભાજી છે ?, આ કયુ ફુલ છે ? જેવા પ્રશ્નો કરી અને બાળમાનસ સાથે નિર્દોષ મજા માણી હતી.

એક તબક્કે પ્રદર્શન હોલમાં બાળકોની વચ્ચે તેઓ પલાંઠીવાળી અને બેસી ગયા હતા તેમજ નાનકડી રમત પણ રમાડી હતી. તેમણે તેમનો વિધિવત્ કાર્યક્રમ પૂર્ણ થયા પછી હોલ છોડતા પહેલા આંગણવાડીની બહેનો સાથે સેલ્ફી પણ લેવડાવી હતી એટલુ જ નહિ બધાની સાથે હળીમળી જઈ વાતો કરી હતી.

સ્મૃતિ ઈરાની જયારે કાર્યક્રમમાં પોતાનુ પ્રવચન આપવા ગયા ત્યારે ગુજરાતીમાં પ્રવચન આપ્યુ હતુ અને વચ્ચે વચ્ચે થોડીક વાતો હિન્દીમાં કરી હતી. તેમણે કહ્યુ કે મેં ગુજરાત છોડ્યુ અને અમેઠીમાંથી જીતી એટલે મહેમાન તરીકે મારી ઓળખ આપી આવુ ના હોય. હું રાજકારણની ઘણી બધી વાતો ગુજરાતમાંથી જ શીખી છુ.

તેમણે વડાપ્રધાન મોદીએ આંગણવાડી કાર્યકરોની ચિંતા વ્યક્ત કરી અને એક વહીવટીય ક્રાંતિનો અભિગમ અપનાવ્યો હતો. સુખડી અને શીરો પણ યાદ કરી કુપોષણની મુક્તિનું અભિયાન ચલાવ્યુ જે આજે રાષ્ટ્રીય સ્તરે વિસ્તર્યુ છે તેમને આ માટે અભિનંદન આપવા પડે. એક પુરૂષ મુખ્યમંત્રીએ મહિલાઓની ચિંતા કરી અને તેમના સ્વાસ્થ્યની સાથે સાથે બાળકોના કુપોષણની પણ ચિંતા કરી હતી.

સ્મૃતિ ઈરાનીએ આયુષ્યમાન ભારત સાથે જોડાયેલી હોસ્પિટલોની યાદી પણ આંગણવાડીની બહેનોને આપવાની ભલામણ કરી જણાવ્યુ હતુ કે તેઓ જાણતા હશે તો યોજના અંતર્ગત સાચા માણસને જરૂર સમયે સાચી સેવાઓ ઉપલબ્ધ બનશે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે બહેનોમાં રહેલી નિસ્વાર્થ ભાવથી સેવા કરવાની વૃત્તિને કારણે જ આંગણવાડીના કાર્યમાં માત્ર બહેનોને જ જોડવામાં આવી છે.

## જિલ્લા સંકલન સમિતિની આજે બેઠક મળશે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લાની ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિની બેઠક બે મહિના બાદ આજે ૧૧ વાગે જિલ્લા કલેક્ટર એસ.કે. લાંગાના અધ્યક્ષપદે મળશે.

વિધાનસભા સત્ર ચાલુ હોવાને કારણે આ બેઠક જુલાઈ મહિનામાં મળી ન હતી. આ બેઠક આમ તો દર મહિનાના ત્રીજા શનિવારે થતી હોય છે પણ પર્વો અને રજાઓનો માહોલ હોવાથી હવે આ બેઠક આજે મળશે.

આ બેઠકમાં જિલ્લાના ધારાસભ્યો દ્વારા પ્રજાના પ્રશ્નો રજુ કરવામાં આવતા હોય છે અને તમામ અધિકારીઓ આ બેઠકમાં હાજર રહેતા હોય છે. સંકલનની બેઠક ઉપરાંત આરોગ્ય, પુરવઠા વિભાગની પણ બેઠકો આજે રાખવામાં આવી છે એટલે જિલ્લાતંત્ર આખો દિવસ મિટીંગોમાં જ વ્યસ્ત રહેશે.

ટચુકડી
જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com